# 2

## અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો.

*** 15/4/56 : ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રહ્મા): માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ–૧ માં રૂ. ૨.૮૯ અને બીડ–૨ માં રૂ. ૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી. |
| (૨) | જો હા, તો ઉક્ત કરારો બાદ તા. ૩૧/૧૨/૨૦૨૩ની અને સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને | (૨) (૩) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લી. સાથેના ઉપરોક્ત કરાર અન્વયે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના દરની વિગત નીચે મુજબ છે. |
| (૩) | ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે? | | |

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ–કરોડ) | એનર્જી ચાર્જ (રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ |
| ફેબ્રુઆરી | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ |
| માર્ચ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ |
| એપ્રિલ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ |
| મે | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ |
| જુન | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ |
| જુલાઈ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ |
| ઓગસ્ટ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ |
| સપ્ટેમ્બર | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ |
| ઓક્ટોબર | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ |
| નવેમ્બર | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ |
| ડિસેમ્બર | ૧૨૦ | ૧૨૧ | ૮.૧૬ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ–કરોડ) | એનર્જી ચાર્જ (રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૭૫ | ૧૧૧ | ૮.૯૯ |
| ફેબ્રુઆરી | ૪૧૧ | ૧૦૦ | ૯.૦૩ |
| માર્ચ | ૨૦૬ | ૧૪૧ | ૮.૦૪ |
| એપ્રિલ | ૩૬૫ | ૧૧૭ | ૪.૩૮ |
| મે | ૧૦૪ | ૧૨૧ | ૩.૯૯ |
| ઓગસ્ટ | ૬૫૦ | ૧૧૧ | ૩.૨૪ |
| સપ્ટેમ્બર | ૧૨૧૪ | ૧૧૭ | ૩.૯૧ |
| ઓક્ટોબર | ૧૪૯૪ | ૧૨૧ | ૩.૯૮ |
| નવેમ્બર | ૧૨૦૭ | ૧૧૭ | ૩.૮૧ |
| ડિસેમ્બર | ૧૨૯૯ | ૧૧૧ | ૩.૮૯ |

જી.ઈ.આર.સી. દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ મેરીટ ઓર્ડર પદ્ધતિ મુજબ ઉક્ત વીજ મથક, વર્ષ ૨૦૨૩ના જૂન–જુલાઈ માસ દરમ્યાન મેરીટ ઓર્ડરમાં ન આવવાના કારણે જી.યુ.વી.એન.એલ. દ્વારા વીજ ખરીદ કરેલ નથી અને વીજ નિયમન આયોગ દ્વારા મંજુર કરાયેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવેલ છે.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ હાઈ પાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ અને તે મુજબ તા.૦૫.૧૨.૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ. સાથે બંને વીજ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ, બદલાયેલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ (pass-through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજુર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઈઝડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે. જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.<br><br>વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશિયન કોલસાનો ઈન્ડેક્સ (એચ.બી.એ.) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર–૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ–૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરિમયાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતગર્તના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.<br><br>વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ. આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ.<br><br>ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ના સેકશન–૧૧ અંતર્ગત ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે. તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેકશન–૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.<br><br>ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની (એનર્જી ચાર્જ) પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પુરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.<br><br>--------- |